**તાત્કાલિક/અગત્યનું/ટોચ-અગ્રતા**

ક્રમાંક:પ્રાથ/FRC/૨૦૨૦/૨૦૮-૨૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બહુમાળી ભવન, ભાવનગર
તા.૦૬/૦૩/૨૦૨૦.

પ્રતિ,
બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક/માધ્યમિક/ઉ.મા. શાળાઓ તમામ,
ભાવનગર શહેર/જીલ્લો

**વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ (૧ વર્ષ) માટે એફ.આર.સી.અંતર્ગત એફિડેવિટ(ફોર્મ ૪) રજુ કરવા બાબત.**
**સંદર્ભ:** ચીફ કો-ઓર્ડીનેટર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ફી નિયમન સમિતિ રાજકોટ ઝોનના પત્ર નંબર એફ.આર.સી. એફિડેવિટ-૨૦૨૦-૨૧/૩૭૩, તા.૦૪/૦૩/૨૦૨૦

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ થી મળેલ સૂચના મુજબ ભાવનગર જીલ્લાની દરેક બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક, માધ્યમિક, ઉ.મા. શાળાઓને તા.૨૪/૦૩/૨૦૨૦ સુધીમાં નિયત નમૂનામાં એફિડેવિટ ફાઈલ <u>૨ નકલમાં</u> અત્રેની કચેરીમાં રજુ કરવા જણાવવામાં આવે છે.

<u>એફિડેવિટ રજુ કરતી વખતે નીચેની બાબતો ધ્યાને લેવી.</u>

- એફિડેવિટ ૨ કોપીમાં (૧ અસલ અને ૧ ઝેરોક્ષ) દરેક પેજ પર પાના નંબર આપી અનુક્રમણિકા બનાવી ફ્લેગ ફ્લેપ સાથે રજુ કરવાનું રહેશે.
- પ્રાથમિક (બાલ મંદિર થી ધોરણ ૮)માટે સળંગ ફાઈલ રજુ કરવી, તથા ધોરણ ૯ થી ૧૨ માં ડાયસ કોડ સમાન હોય તો ધો ૯ થી ૧૨ નું સળંગ એફિડેવિટ રજુ કરવાનું રહેશે, અને ડાયસ કોડ અલગ હોય તો ડાયસ કોડ મુજબ અલગ અલગ એફિડેવિટ રજુ કરવું.
- આ સાથેના પત્ર મુજબના ટાઈટલ પેજમાં પુરેપુરી વિગતો ટાઈપ કરી ફાઈલ પર લગાવવું (ટાઈટલ પેજ ૪ ભાગમાં વહેચાયેલ છે, દરેક ભાગ એક સાથે એક જ a4 સાઈઝમાં સેટ કરી ફાઈલ પર લગાવવું)(ટાઈટલ પેજ ગત વર્ષ કરતા થોડું અલગ છે. જેની એક્સેલ ફાઈલ આ સાથે સામેલ રાખી મોકલી આપીએ છીએ)
- **દરેક એફિડેવિટમાં આ સાથે સામેલ નમુના મુજબનું જરૂરી વિગતો સાથેનું કોષ્ટક નોટરાઈઝ કરવી એફિડેવિટમાં મુકવું.**
- ફાઈલ રજુ કર્યા અંગેનો ફોરવર્ડીંગ લેટર (પ્રાથમિક તથા માધ્યમિક વિભાગ માટે અલગ અલગ)
- રૂ.૧૦૦/-થી ઓછા નહી તેવા સ્ટેમ્પ પેપર ઉપર નિયત નમુના ફોર્મ નં.૪ ચોક્કસાઈ પૂર્વક જરૂરી વિગત ટાઈપ કરી એફીડેવીટ (ફોર્મ-૪) તેમજ સંદર્ભ દર્શિત પત્રમાં સામેલ નમુના મુજબનું જરૂરી વિગત સાથેનું કોષ્ટક નોટરાઈઝડ કરવુ.
- ૨૦૧૭-૧૮,૨૦૧૮-૧૯ તથા ૨૦૧૯-૨૦ના વર્ષોના ફી નીયમન સમિતિએ મંજુર કરેલ ફી આદેશોની નકલો આચાર્યશ્રી/ટ્રસ્ટીશ્રી દ્વારા પ્રમાણિત કરી ફાઈલમાં મુકવી.(જો આદેશ મળેલ ન હોય/એફીડેવીટ કરેલ ના હોય તો જરૂરી પુરાવા સાથે શાળાના અલગ ફોરવર્ડીંગ લેટરમાં સહી/સિક્કા સાથે સ્પષ્ટતા કરવાની રહેશે.)
- ટાઈટલ પેજમાં દર્શાવ્યા મુજબ છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ રીપોર્ટ માંથી આવક, ખર્ચ તથા નફા/ખોટની વિગત સાથેના પત્રકમાં શાળાના આચાર્ય/ટ્રસ્ટીશ્રીના સહી સિક્કા સાથે ખાસ મુકવી.
- ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે શાળાએ એફીડેવીટમાં જે સૂચિત ફી દર્શાવેલ છે તે ફી ઉપરાંત એડમિશન ફી કે કોઈ વૈકલ્પિક ફી લેવામાં આવતી હોય, કે લેવા માંગતા હોય તો તે અંગે સ્પષ્ટતા કરવી.



Scanned with CamScanner

- ફાઈલ સાથે યોગ્ય "self address" એન્વેલોપ (૧૧ •૨૪ સે.મી.) જરૂરી ટીકીટ લગાવી ફાઈલના શરૂતાતમાં રાખવું(આજ કવરમાં એફ.આર.સી. દ્વારા આપના લખેલ સરનામે ફી મંજુરીનો ઓર્ડર મળી શકે/પત્ર વ્યવહાર ચોક્કસ સરનામે થઇ શકે તે માટે કવર પર પૂરેપૂરૂં સરનામું લખવું)
- જો ૨૦૨૦-૨૧ ના વર્ષમાં શાળા અગાઉના વર્ષ કરતા કોઈ પણ પ્રકારનો ફી વધારો કરવા માંગતી હોય તો શાળાએ નીચે મુજબના આધાર પુરાવાઓ જોડવા.
  (૧) સહી સિક્કા સાથેનું ટાઈટલ પેજ,
  (૨) શાળાનો ફોરવર્ડીંગ લેટર
  (૩) રૂ. ૧૦૦/-થી ઓછા નહી તેવા સ્ટેમ્પ પેપર ઉપર નિયત નમુના ફોર્મ નં.૪ ચોક્કસાઈ પૂર્વક જરૂરી વિગત(કોષ્ટક સાથે) ટાઈપ કરી એફીડેવીટ (ફોર્મ-૪) નોટરાઈઝડ કરાવવી
  (૪) એફ.આર.સી. દ્વારા મંજુર થયેલ ફીની તમામ પ્રમાણિત નકલો (શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ સુધીની)
  (૫) શાળા/વર્ગ મંજુરીના ધોરણવાર વર્ષ વાર મંજુરી પત્રોની પ્રમાણિત નકલ.
  (૬) છેલ્લા ત્રણ વર્ષના સંપૂર્ણ ટ્રસ્ટ સાથેના ઓડીટ રિપોર્ટ્સ
  (૭) ટ્રસ્ટ ડીડ,
  (૮) ભાડા કરાર
  (૯) **જમીનની જંત્રી** (સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર)
  (૧૦) **બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર**(BUP)
  (૧૧) **મંજુર થયેલ પ્લાન નકશા**

  સદર ૮ થી ૧૧ નંબરની વિગતો હાલ પુરતી ઉપલબ્ધ ન હોય તો તેના સ્થાને જવાબદાર અધિકારીશ્રી/આચાર્ય/ટ્રસ્ટીશ્રીના સહી/સિક્કા સાથેનો પત્ર આધાર પુરાવા સહ ફાઈલમાં રજુ કરવો

  (૧૨) છેલ્લા ત્રણ વર્ષના વિદ્યાર્થી મુજબ અને ધોરણ મુજબ બ્રેકઅપ (સંખ્યાના વધારા ઘટાડા સાથેની)મુજબની ફીની વિગતો.
  (૧૩) ૨૦૧૯-૨૦ માં ફી વધારા માટેના આધાર સહ કારણો.
- જો ૨૦૨૦-૨૧ ના વર્ષમાં શાળા અગાઉના વર્ષ કરતા કોઈ પણ પ્રકારનો ફી વધારો કરવા ન માંગતી હોય **(શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ની ફી જ ચાલુ રાખવા માંગતી હોય તો)** શાળાએ ઉપરના લીસ્ટ માંથી ક્રમ ૧ થી ૬ રજુ કરવા.

ઉપરોક્ત તમામ મુદ્દાઓને ધ્યાને લઇ ૨ કોપીમાં (૧ અસલ અને ૧ ઝેરોક્ષ) એફિડેવિટ ફાઈલ સ... મર્યાદામાં અત્રેની કચેરીની પ્રાથમિક/માધ્યમીક શાખામાં રૂબરૂ તા.૨૪/૦૩/૨૦૨૦ સુધીમાં રજુ કરવાનું રહેશે. સમય મર્યાદા બાદ આવેલ અથવા નિયત નમૂનામાં રજુ ન કરેલ એફિડેવિટ સ્વીકારવામાં આવશે નહી, જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

બિડાણ: ઉપર મુજબ.
નકલ રવાના (આપના તાબા હેઠળની તમામ શાળાઓને તાત્કાલિક જાણ કરવા સારૂં)
(૧) શિક્ષણ નિરિક્ષકશ્રી, સદર કચેરી.
(૨) મદદનિશ શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ, સદર કચેરી.



Scanned with CamScanner